ॐ

પ્રવિણા વિલાસી.

અંબાલાલ જેશંકર પંડયા.

શ્રીસનાતનધર્મ પુસ્તકપ્રસારકકાર્યાલય.

હેડ ઑફીસ, રાયપુર—અમદાવાદ.

આ મંડળ તરફથી જનસેવાર્થે પ્રકટ થતાં પૂજ્યપાદ મહાત્મા શ્રી નથુરામશર્મા પ્રણીત સનાતન ધર્મના બહુજ ઉપયોગી નીચેના પુસ્તકો મુમુક્ષુએ અવશ્ય વાચવા જોઇએ

શ્રીમદ્ભગવદ્ગીતાદી પંચરત્નો—પૃષ્ટ ૬૦૦ મૂલ્ય રૂ. ૦—૬—૦ તૈયાર છે

શ્રીશંકરાચાર્યકૃત અષ્ટાદશ (૧૮) રત્નો:—(૧ સાધનપંચક ૨ સદાચારસ્તોત્ર, ૩ ષટ્પદી, ૪ વિજ્ઞાનનૌકા, ૫ વાક્યસુધા, ૬ દક્ષિણામૂર્તિ, ૭ યોગતારાવલિ, ૮ આત્મબોધ, ૯ તત્ત્વબોધ, ૧૦ સ્વાત્મનિરૂપણ, ૧૧ ચર્પટપંજરિકા, ૧૨ મોહમુદ્ગર, (દ્વાદશપંજરિકા), ૧૩ સિદ્ધાંતબિંદુ, (નિર્વાણદર્શક,) ૧૪ વાક્યવૃતિ, ૧૫ અપરોક્ષાનુભૂતિ, ૧૬ વિવેકચુડામણી, ૧૭ શતશ્લોકી, (વેદાંતકેસરી) ને ૧૮ ઉપદેશ સહસ્ત્રી (ગદ્યભાગ.) મુળ અર્થ અને વિવેચન સાથે તે ઉપરાંત તેમા શ્રી શંકરાચાર્યનું જીવન વૃતાંત પણ આવશે તેમજ ચાર સુંદર ચિત્રો પણ આવશે. પાચ સોનેરી નામ વાળુ પાકું પુંઠું થશે તેના આગળથી ગ્રાહક થનાર પાસેથી મુલ્ય ફક્ત રૂ. ૧—૪—૦ લેવામા આવશે પાછળથી મુલ્ય રૂ. ૧—૬—૦ રખાશે.

શ્રીરાસપંચાધ્યાયી—મુળગ્રંથ, તેનો ભક્તિપક્ષનો અર્થ વિવેચન, જ્ઞાનપક્ષનો અર્થ અને વિવેચન. બે સોનેરી નામ વાળું પાકું પુંઠું આગળથી મુલ્ય રૂ. ૦—૬—૦ પાછળથી રૂ ૦—૮—૦

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

પ્રવિણા વિલાસી.

રચી

છપાવી પ્રગટ કરનાર

અંબાલાલ જેશંકર પંડયા.

અમદાવાદ,

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

આવૃત્તિ ૧લી પ્રત ૧૦૦૦

અમદાવાદમાં ધી મહીકાંઠા ગેઝેટ પ્રીન્ટીગ પ્રેસમાં

વ્યાસ મોતીલાલ છોટાલાલે છાપ્યું.

મૂલ્ય. ૦-૩-૦

પુષ્પાંજલિ.

અંત જાવું જીવડા, તજી જુઠ જંજાળ.
વાનું હરીનુ હાથ લે, માથે ભમે છે કાળ.
લાભ સવાયો મેળવી, કરતું તારૂં કામ;
લજ્જા રાખે શ્રી હરી, ભજને સીતારામ.
જન મૂરખ હોય તે, ડરે નહિ કો કાળ.
શંસય તેમાં રાખીને, નિશ્ચય હરીને ભાળ.
કરજે સગત ઉચની, નીચ ઘેર નવ જઇશ,
રમાપતિને સેવજે, નિશ્ચે સુખી થઇશ.

પ્રસ્તાવના.

જેઓનાં અંતઃકરણ ધર્મ કર્મથી ભરપૂર હોય છે તેઓ કોઈ પણ દિવસ ધર્મને બાધ આવે તેવા માર્ગે જતા નથી. અપકવ હૃદયના અને ધર્મથી વિમૂખ મનુષ્યોજ જે તે ખોટે રસ્તે ચઢી પોતાના અંત કરણમાં ખરાબ સંસ્કાર પાડે છે તેવા મનુષ્યોને જાગ્રત કરવા વિવિધ રાગોમાં આ નાનુ પુસ્તક રચવામા આવ્યું છે તેનો યથાર્થ લાભ જન સમુહથી લેવાય તો કર્તાનો શ્રમ લેખે લાગ્યો ગણાશે. પુસ્તક રચવાનો આ પ્રથમ પ્રયાસ છે એટલે વિવિધ સ્થળે દોષ હોવાનો સંભવ રહે છે માટે વિવેકીએ માત્રા વગેરે દોષ સામી દ્રષ્ટિ નહિ કરતાં કવિતાના આશયને પ્રાધાન્યપદ આપવું.

પ્રકટ કરનાર

કળીકાળને હોટલનો

અભીલાખ.

(રાગ-શંકર વસે કૈલાસમાં)

હાંલ્લીમાં નથી ઘેંસ ઓરવારે, (પણ) પડયો ચાહનો સ્વાદરે હાંલ્લી૦
કલાકે કલાકે બીડિયોરે, ત્રણ કલાકે ચાહરે
ખોખુ થયુ ક્ષઇ રોગનુ, કરી જીવતા દાહરે હાંલ્લી૦
ત્રણ આનાની ચાહ બીડીયોરે, અરધા આનાના પાનરે,
ઘટી ચાટે ઘરના છોકરા, નથી ખાવાને ધાનરે હાંલ્લી૦
અત્તર ધુપેલ ને આરસીરે, માથે આમળાનું તેલરે,
આગળ છોગુ પાડે પાથીઓ, તન દારૂથી રંગ રેલરે હાંલ્લી૦
ખોખુ થયું ક્ષઈ રોગનુ રે, તેણે પહેર્યું ખમીસરે,
ઝકડ અસીબાધ લુગડા, કહે વેલ વેલ ધીસરે હાંલ્લી૦
બુટ સ્મોકીંગ ના ઉતરેરે, ફરે ઘરમા કે બહારરે,
આડંબર ઇંગ્લીશ રીતનો, કરે બીસકુટ અહારરે હાંલ્લી૦
ઉજળા વીના નહીં ઇંગ્લીશરે, ભીત બબરચી થાવરે,
રળ્યુ ખર્ચ્યુ ગયુ એટલે, હોય ઘરમા તો લાવરે હાંલ્લી૦
નહીં તો કરો પછી ચોરીઓરે, કરો ઘરમા કે બહારરે;
ચહાએતો ચોર બનાવીયો, ચાહ બીડીમા સારરે હાંલ્લી૦
ભીખ ખાવી ને રોફ રાખતારે, આવી પડી છે ટેવરે,
ઘરમા ભાવે નહીં ભાખરી, ભાવે હૉટલની સેવરે. હાંલ્લી૦
માને બાપો બળે મનમાંહે, આવો નિકળ્યો કપુતરે;

આરૂં રગેલું જાવરે જાય હોટલમા સપુરે ભાઈ૦
હોટલ તો હૈયાનો હાર છે રે, બીડી છાતીનું તેજરે,
ચાહ ચક્ષુનો બધવો, હોટલ છે છનો છેજરે હોટલી૦
પોળે પોળે થઈ હોટલોરે, ઘેર ઘીનો વહેપારરે,
હાથેથી હૈયુ બાળતાં, પોતે થઈ દેવાદારરે હોટલી૦

(રાગ-ઉપ નો)

હોટલે પૈસા હલાવીયારે, કરી દેતો ગુલતાનરે હોટલે૦
અભણ ભણ્યાના સાલનેરે કેના જોગ્રંને બાગરે
ભણેલાને ભરમાવીયા, પાડ બોસકુટ ચાયરે હોટલે૦
મોટા શાહુકારના છોકરારે, નથી નાણાની ખોડરે,
ટમ ટમે ચાહ કારણે, પડયા ખેતરમા તીડરે. હોટલે૦
ભજીયા પુરી ને પાહડારે, તેની લાગે મીઠાસરે,
કેમ સાહેબ કાંઇ જોઇએ! આગળ ઉભા રહે દાસરે હોટલે૦
દુધ પીવાનું કર્યુ દૂર તેરે, ચાનો ચાખીને સ્વાદરે,
ઘરમાં નારીને ચા જોઇએ, લીધો સ્વામીનો વાદરે. હોટલે૦
હરરોજ અડધો જોઇએરે, હોટલ કાજે અલગરે;
ધંધો કરે નહીં ધાઇને, રહયો હોટલમા પગરે હોટલે૦
ઘેર નોકર ને ચાકરોરે, જેનો જાળવે મીજાસરે;
તેને હોટલમાં જોઇએ, આવા નોકરો પાસરે. હોટલે૦
હોટલથી હૈયું હરખાય છે રે, જાણે બેઠાં વૈમાનરે;
ઘરમાં તો હૈયું મુઝાય છે, નથી ખાવાને ધાનરે. હોટલે૦

ઘણી મુશીબતે મેળવ્યુંરે, પાઇ પાઇ કરી ધનરે.
ઘણો પરસેવો વાળીઓ, ફર્યા શહેરોમા વનરે હોટલે૦
ભંગીને ભાંગના ઘેનથીરે, ઘણો વધે આનંદરે,
અફીણ અફીણી ખાય છે, તેવો હોટલનો ફંદરે હોટલે૦
ભણ્યા ગણ્યા ભાષા બધાંરે, આપ્યું અકલને દામરે,
દરખાતા ઉંના નીરથી, પીને હોટલનો જામરે. હોટલે૦

રાગ-મોરમનો—મરસીયા છંદ.

હાય હાયરે હોટલે હીંદુ વટાળીયા. હોટલે હીંદુ વટાળીયારે હાય.
નાના મોટા સ્ટુડંટો ફટાડીયા-રે હાય૦
મા ને બાપો નીશાળે મૂકે, છાનો બીડી હોટલોમાં ફુંકે;
આવો અવસર ભણ્યાનો ચુકેરે-હાય૦ ૧
મારે નીશાળમાં મહેતો, મોડું ખાવાનું થયું તું કહેતો,
માને બાપે મુકયો છે વહેતો-રે હાય૦ ૨
કરવા માંડી સ્ટુડંટોએ ચોરી, ઊંધે રસ્તે હોટલો ગઈ દોરી;
કહાડે કહાડે વધી ભઈની તોરી-રે હાય૦ ૩
મા ને બાપો જાણે લઈ ભણે છે, ભાઈ હોટલોમાં ફેરા ફરેછે;
એનો રજાના દીવસ ગણે છે-રે હાય૦ ૪
આપે ચોપડીયો ને ફીનું નાણું, તેમાથી ખાય હોટલમાં ખાણું;
પણ અંતે મા બાપે જાણ્યું-રે હાય૦ ૫
કેમ નથી લાવ્યો અસ્યા બુકો, મારવાને તો કીધો તાડુકો;
કહે ચાહ પીધી બીડીયો ફુંકયો-રે હાય૦ ૬

હોટલ અંદરથી તો ન વીચારે, શમે દેવુ મહેતા તેને મારે,
વાડી બગીચે જેવું ધારેરે-હોય૦ ૭
બાપ કરે પેસાની ખુવારી, ભાઈને હોટેલ લાગી છે રરી
મહેતો થાક્યો એને મારી મારીરે- રે હાય૦ ૮

બનજારો

કેમ લાગી હોટલ તને સારી, તારા મનથી જો વીચારી,
વાશી દુધ પીવાનું તારે, તેની અંદર ફાફા મારેરે,
જરા જોને તું અંદર ધારી. કેમ૦ ૧
જગન્નાથપુરીનો મેળો, બેઠો આઝીવરણના ભેળારે,
કહેછે જાત હમારી સારી! કેમ૦ ૨
મારવાડીની મમરા સેવો, તને ખાવાની પડી ટેવારે,
પાન બીડી લાગી બહુ પ્યારી. કેમ૦ ૩
ઘણી જ્ઞાતિના ભાઈબંધ યારો, મળ્યે ખાવા પીવાનો વારોરે,
કોણ જ્ઞાતિનો અધિકારી. કેમ૦ ૪
ઇંગ્રેજી માટીના પ્યાલા, તેતો લાગે ઘણા વાલારે.
પણ જોને તું મનથી વીચારી. કેમ૦ ૫
પેસા બેમાં માલ બે પૈનો, તેમાં જીવ ચોંટયો છે ભઈનોરે;
પણ આખર જાશો હારી. કેમ૦ ૬
એંઠું આભડછેટને નહાવું, મુકી હોટલ અંદર ખાવુંરે;
મારે પાન તણી પીચકારી. કેમ૦ ૭
પ્રવાહ હીંદુ ગાડરીયાનો, જાણ્યા વિના તે સાચો માન્યોરે;
મૂઢ થયો ગાડરીયાચારી. કેમ૦ ૮

હીંદુઓનો ખોટો ઠાઠ.

ઓછું ભણતર ખોટો ઠાઠ, તે દેખી થાતા ઉચાટ.
ઓછુ નાણુ 〃 〃
ઓછી બુદ્ધિ 〃 〃
ખીસાં ખાલી 〃 〃
ઓછી રોજી 〃 〃
વાદે વાદે 〃 〃
સંગે સગે 〃 〃
રંગે રગે 〃 〃
ચોરી કરીને 〃 〃
નહીં ઉદ્યમને 〃 〃
લાંબા જોડે ટુંકો જાય, મરે નહીં ને માંદો થાય;
સોબતનો લાગે છે રંગ, પાછળથી ઓછો ઉમંગ.
અછકલો ઝાઝો છલકાય, બીજાને દેખી મલકાય;
સીદને માંથે ઘાલો ધૂળ, પ્રથમ જુઓ તમારૂં મૂળ.
ખાવા માટે ઓછું ધાન, બીજાનું દેખીને તાન;
બીજો ઘોડીનો છે સ્વાર, પોતાને ગદ્ધી તૈયાર.
હાથે મુખે બનો હેવાન, રળવાનું રાખોને ધ્યાંન;
મળે એટલે બનતા મીર, નવ મળ્યું કે બને ફકીર.

ગઝલ.

સુધારે તો થશે સારી, જગતની આ દસા પુરી,
કુધારે તો બગડવાની, બધી દુનિયા સૂરી પૂરી
ઘણા વિદ્વાન વિદ્યાને, ભણેલા તે ગણે નહીં જો,
ઘણા હુશીયાર હુશીયારી, મુકીને ચાલતા મહીંજો
ઘણા ધનવાન ધનનાથી, ધરમને તો મુકયો આઘો;
ઘણા ડાહ્યા ડહાપણમાં, તમે સીદ ભીખને માગો.
અરે હે આર્ય ! શોભીલા, બીડી ચાહ પી થયા ઢીલા.
ગયું દૈવત હોટલે, ખરી હોટલની લીલા.
અરે ચસ્મા તમે પહેરી, ચતુરાઈ મુકી આવ્યા,
કીડી માંખો ને મંકોડા, ચહા તેનો પીને આવ્યા.
બધો કચરો થયો ભેગો, પીનારો દેખતો નહીં જો;
વળી દુધો પીધાં વાસી, ભમે છે ચીત્તતો મહીં જો.
ઘણા પ્યાલા રકાબીમાં, પીનારા પી ગયા પાણી;
દીસે છે દેખીતી એંઠી, તમે લ્યો શીદને તાણી.
અરે ગુર્જર તમે ઘેલા, થઈને ધર્મ બોળોછો;
બીજાએ રાખ ચોળી છે, તમે શીદ રાખ ચોળો
ઘણા પોરા મુવેલા તે, કુચા ભેગા ગળ્યામાં છે;
ટીલુ તાણી પીધું પાણી, ભગતતો મહીં ભળ્યામાં છે.
નહીં અફસોસ એંઠાનો, તને કંઈ લાગતો દીસે;
કહેનારા કહી લ્યોને, પીનારા તો જરૂર પીશે.

લલીત ૭૮

અરર હે પ્રભુ! શું કર્યું તમે, પગ્ન દુખના દુખીયા અમે;
જ્ઞાતીઓ ઘણી એકઠી થઈ, હોટલો મહીં હોટલો મહીં
દુખીયા બધા દેશના જનો, વેરી વસ કયાં લગાડીને વનો;
હોટલો તણા હે પ્રતિનીધિ, આહ મહીં તમે કામણો કીધી.
બ્રાહ્મણો અને વાણીયા તણી, કુંભાર ગાંયજા જ્ઞાતીયો ઘણી.
પટેલ શ્રાવકો સુતાર સોનીઓ, બધાએ એકધા ઊચ છે કીયો.
એક પાટલી એક મેજમાં, ખાધુ ખાય છે સહેજ સહેજમાં;
પાણીની પૂરી પતરવેલીયાં, વાસી જે હતા તેને મેલીયા.
ઘેર નાતમા નાહ્ય બ્રાહ્મણો, હોટલો કરે અનર્થ તો ઘણો;
મુકટા અને જે પીતાંબરો, પહેરીને જતા દૂર કયા કરો,
એક ડોલમા રકાબીઓ ઘણી, ધોઈ ધોઈને આપતો ઘણી;

બ્રહ્મતત્વને બ્રાહ્મણે મૂક્યું, વીશ્નુતત્વને વાણીયે ચુક્યુ.
ઘેર ખાવને પૂરીયો તળી, કેમ લાગી છે હોટલો ગળી;
ડબલ દામને શીદને ખુવો, આંખ આપી છે જરા તમે જુઓ.
ધર્મ ભ્રષ્ટ તો હોટલે કર્યા, દામ સર્વ તો હોટલે હર્યા;
દેખીને તમે કુપમાં પડો, કેમ કાઢશે જે ઉભો ખડો.

દીવેલની મહીં પતગીયાં પડે, ધર્મ ભ્રષ્ટમાં હોટલે ચઢે;
હે પ્રભુ તમે વંઠાડીયો કલી, જ્ઞાતીયો ઘણી એકઠી મલી.
જુવાન જે નરો તેમને ઘણી, લાગતી મઝા હોટલો તણી;
ટેવ જે પડી તે જશે નહીં, શીદને પડો આધળા થઈ.

ઉચ્ચ વર્ણમાં જન્મ આપીઓ, નીચ સોબતે શીદને પાઓ;
બીડીઓ ઘણી ચાહની મઝા, હોટલો મહીં લગાવી છે ધજા.

હરીગીત છંદ ચાલ

ગુજરાતની જે માતને જાણી તમે મુકી દીધી,
જે દુધથી દહીં ઘી બને તે મુકી ચાહ બીડી પીધી;
શીખંડ બાસુદી અને માખણ ઘણું માવો બને,
બરફી બને પેંડા બને એ ચીજ ભાવે છે મને. ૧
જે દુધનો દુધપાક ને ઘારી બને સારી ઘણી,
કઢી છાશની પીવી ગમે હે વિશ્વના મોટા ધણી;
આવી રીતેના સુખને મુકી જવાનું હોટલે,
બીડીથી હૈયુ બાળીને પૈસા ટકા ખુટે ભલે ૨
પણ ટેવ છે જે સેવની તે હેવને કેમ મુકીએ,
મોટા બજારે બેસીને અદરથી બીડીયો ફુંકીએ,
ચાને બીડીમાં ભાવ છે દુધ દહીં બીચારૂં શું કરે,
બીસકુટ ચહાની બહાર છે ત્યા વેણ કાને શું ધરે. ૩
ઘરમાં બીચારો નાહીને ટાઢે મરે છે તરફડી,
તો દાળને ચોખા મળે રોટી મળે છે તે ઘડી;
આવી રીતે દુઃખ જોઈને હોટલો હૈએ રમે,
કયમ બુટને સ્ટોકીંગ પહેરી ત્રણ વખતે ના જમે. ૪
વળી નીચ જ્ઞાતી ઊંચ ધર્મો પાળવા વીચારતી,
જે ઊંચ થઈ હેઠા પડયા તેની થવાની શી ગતી;

ભણ્યા વેદને વેદાંત વાંચી શાત મનને ના કર્યું,
વ ચ્યું રહ્યું છે પોથીમાં પણ હોટલે હૈયું કર્યું. ૫

સવૈયા બત્રીસા એકત્રીસા.

હે ગુજરાતી ગુર્જરમાંથી શૌર્ય ગયું છે શાનાથી,
દારૂએ તો દાટજ વાળ્યો બીડી બીડી ચહાનાથી;
દુધના કુચા પીને બેઠા પહેર્યા ચસ્મા મળીયું માન,
માખણમાતો મીશ્રીત પેઠુ હૈયું બળતું હીંદુસ્થાન. ૧
ધર્મ કર્મને વાદજ પડીઓ કરમે લગામ ઝાલી છે,
ધમકીથી તો ધર્મજ નાઠો હોટલ હૈએ વહાલી છે,
તાડી પીવા તતબર થઈને મૂકયુ સર્વે ભણેલુ ગ્યાન,
રસ્તા મહીં રડવડતા દીસે હૈયુ બળતું હીંદુસ્થાન ૨
સોડાવોટર સારૂં લાગે લીમલેટમા લાગ્યુ છે ચીત્ત,
સવાર સાંજે શરબત ભાવે બીસકુટ આગળ અધોર્ભાત,
આવી રીતી સીખ્યા તેથી ભાવે નહીં કંઈ ઘરમાં ધાન,
લાલઘુમ આંખોથી મહેકુબ હૈયું બળતું હીંદુસ્થાન. ૩
ચાહા બીડીમાં ઝાઝી પ્રીતિ દુધ તણુ લેતો નહીં નામ,
હોટલમાં હૈયું હરખ્યું છે ગુર્જરનું તો પીને જામ,
શૌર્ય ગયું છે ગુર્જરનું તો બીડી ચાહને ચાવે પાન,
દીશા બીજી સુઝે નહીં કંઈ હૈયું બળતું હીંદુસ્થાન. ૪
જીંજીર ટોનીક જોર કરીને જુવાન નરને ખેંચે છે,
પીકચીઅપ પીવાને કાજે પૈસા પાકીટ વેચે છે;

લીથીયા મહીં લડબડીયાં ખઈને લહેરી રહેછે ખુબ ગુલતાન,
રાસભરી રસવાળી લાગે હૈયું બળતું હીંદુસ્થાન. ૫
ડાહ્યા ડયુકે શરટો કીધું કોલ્ડ ડ્રીંકસ માગે આવી,
આઈસક્રીમ આનંદે ભાવે લ્યોને દુધના કુચા ચાવી;
ઓછી રોજી આવા મોજી. કેમ રહો છો હે હેવાન,
સર્વ રળેલું ગયું હોટલે હૈયું બળતું હીંદુસ્થાન. ૬
આખો દીવસ રળીરળીને હોટલ કાજે કીધું દામ,
સટ્ટા સાટાં કરી કમાયા હોટલમાં લીધો આરામ;
બનાવટી બ્રાહ્મણના હાથે ભજીયાં ખાતા ભુલતા ભાન,
ખમણ કચોરી ખુબ લઈ ખાતા હૈયું બળતું હીંદુસ્થાન. ૭
ડબલ સીંગલ કોકો કોફી ઓર્ડરથી આવી મળતી,
ટેબલ ઉપર ટોપી મેલી પીવા માડે છે વળતી;
ટેબલ હેઠળ લાંબા ટાંગા પુંછ હલાવે જેવું શ્વાન,
હલાવતા પગ તેવી રીતે હૈયું બળતું હીંદુસ્થાન. ૮
લાવ અલ્યા બીસકુટ ઓ બુડથલ પૈસા એક તણાં મુજ માટ,
આધીન સેવક હાજર કરતા જોઈ રોફનો ખોટો ઠાઠ;
ચાહમાં બોળી બીસકુટ ચાવે શીખામણ ધરતા નહીં કાન,
એઠું જુઠું અળગું મુકયું હૈયું બળતું હીંદુસ્થાન. ૯
અરીસા અંદર આખા દીલના દેખાવો તેને દેખાય,
ચહા પીતાં કાડેલું મોઢું હેડું તે દેખી હરખાય,
પરીક્ષા ટીયાંની કરવા બેઠો હોટલનો મેમાન,
વાંકુ ચુકું ખસી ગયેલું હૈયું બળતું હીંદુસ્થાન. ૧૦

બુટ કાઢવાની છે બાધા રાખી છે ઈંગ્રેજી રીત,
હીંદુ થઈને થયો બબરચી રાખીને હોટલમાં ચીત્ત,
ભણ્યા ગણ્યામાં પૂરો પડીયો બોલીનો દીસે ગુણવાન,
સાહેબજી, સાહેબજી કહેતો હૈયું બળતું હીંદુસ્થાન ૧૧
ચહાને પીતાં મુછો બગડે રૂમાલ તેને લોવાનો,
બીસકુટનું બચકુ ખઈ ઊઠયા હાથ નથી કઈ ધોવાનો,
રૂમાલ પાણી રૂમાલ લોટો લુવે રૂમાલે નાકને કાન,
ખીસા અંદર એઠો ઘાલે હૈયું બળતું હીંદુસ્થાન ૧૨

રાગ—મેમાંન કરે મેમાંની.

હોટલ હૈયાની નારી, મુકે કયમ તે વીસારી
હોટલ છે હીંચકો ઘરનો, વળી પલંગ પ્યારા નરનો,
ચાની તો ત્યાં તૈયારી હોટલ.
હોટલ છે ગુલાબ ફુલો, અંદર બેસીને ઝુલો,
વળી નાણાની ખુવારી હોટલ.
હોટલનાં ખુરશી મેજો, શી આવે તેની લેજો,
બીસકુટ ચહા લાગે સારી હોટલ.
એ બજારનો વીસામો, મન મોહી રહ્યું છે ચામાં,
બેઠા નાણાં પરવારી હોટલ.
હોટલમાં હૈયું હરખે, ગોલો સોનાને પરખે,
બેસે ઊઘાડી બારી. હોટલ.
જેના પીતા ધનવાળા, તે દીકરા કરતા ચાળા,
જેમ ફરે ઘણી મંજારી હોટલ.

આગળ ઉભા રહે દાસો, કેમ સાહેબ શું શું ખાશો,
જેવી ગુણુકાની યારી. હોટલ.
સાહેબને નાટે સોડા, પીવાના પહેરી જોડા,
સીદ ખુવો તમે ઘરબારી. હોટલ.
હોટલમાં હાજર ચીજો. પૈસા આપીને પીજો,
પીએ મોટા બ્રહ્મચારી. હોટલ.
હોટલ છે ઘરની ભામા, બેસે સૌ સામાસામા,
વારાફરતીની વારી. હોટલ.
હોટલ હૈયાનો હીરો, ઝડપે છે ઝાઝા વીરો,
જુગાર અને અહંકારી. હોટલ.
સમશાનેથી હોટલમા, ચાહ પી લેવાનો પલમાં,
જુવે નહીં કંઈ વીચારી. હોટ લ.

(શંકર વસે કૈલાસમાં એ રાગ.)

પોતાને જોઈએ પાટલુનરે, વાસકોટ ઘડીયાળરે. પોતાને.
કાઈના ખોખાપર જોઈએરે, પહેરવાને ખમીસરે;
કુતરાની પેઠે કાંઠલો, ઉપર દેખાય શીષરે. પોતાને.
ખોટી દેખાય તેને પાઘડીરે, ટોપીમાં નહીં ભારરે;
સોટી તો હાથમાં જોઈએ, બબરચીના દેદારરે. પોતાને.
ચાલતે મારગે જોઈએરે, પીવા સારૂ ચીરૂટરે;
અક્કડ અગ્રીબંધ લુગડાં, જોઈએ હોલબૂટરે. પોતાને.

(રાગ—ઉપરનો)
ભણ્યાનો માલ અભણ ખાય.

અભણને માટે એકઠું રે, રળીને કીધું દામરે. અભણ.
દરજી ધોબી ને ગાંયજારે, તેને ચાલ્યો વહેપારરે,
વહાલી છે વોસીંગ કમ્પની, લુગડાંની ધોનારરે. અભણ.
સત્તરઆનાનું લુગડું રે, સીવ્યાના આના સોળરે;
સોનાનાં ચસ્માં ચઢાવીયાં, એ છે કેવું બેડોળરે. અભણ.
પૈસાના શેરના શાકનોરે, નવ આવડે હીસાબરે;
સારૂં જોઈ શાક આપજે, બહુ સારૂ છે સાબરે અભણ.
ડાઢી મુડયાના બે ડોઢીયાંરે, ડોસી મુડયાનો એકરે,
ચારજાઈ ચહેરો કરામણી, વાળ કાપ્યાનો નેકરે. અભણ.
અરધાજીએ ધુવે ધોબીઓરે, તેના આના છે ચારરે,
ખીસાં ખાલી કર્યા ખંતથી, ખાલી ઉડાવી બહારરે. અભણ.
ભણેલો પંદર પામતોરે, મળે અભણને ત્રીશરે;
આવું દેખી ઘણી વાપતી, મારા મનમાં રીશરે. અભણ.
ભણ્યા ગણ્યા બહુ ભાવથીરે, તમે અભણને માટરે;
અભણ ઉંદેડા ખોતરે, મને થાય છે ઉચાટરે. અભણ.
દેસી જોડા કર્યા તેં દૂરરે, પહેરી સપાટ બૂટરે;
લુગડામાં લલચાઈને, ઊભો પીએ ચીરૂટરે. અભણ
કરમે કપાસીયાનું થયુ રે, ઘીને સાટે તો તેલરે;
મીઠાઈ ભેગું મેળવ્યું, આવે ખાંડમાં મેલરે. અભણ.
શોખીન સેપરેટ દુધનારે, થયો ઘીની મહીં ભેગરે,
તેજ ચક્ષુનું ચાલીયું, ચાલ્યો ચસ્માનો વેગરે. અભણ.

———***———

(રાગ—ઉપરનો)

કળીજુગનુ પ્રમાણ

વાંકી પાંથી પાડી પ્રેમદારે, કળીજુગનું પ્રમાણરે. વાંકી.
વાંકી આંખોને વાંકું હીડવુંરે, વાકુ બોલતાં ન વારરે;
વાંકે રસ્તે નાણું વેરવું, વાકો સરવે સંસારરે વાંકી.
વાંકી ચોળીને વાંકાં પોલકારે, વાંકી ઘાઘરાની ઘેરરે;
ગરબો વાંકો વળી ગાઈને, ગોળ વાકનો છે ફેરરે. વાંકી.
સીધી પાંથી નથી શોભતીરે, વાકી પાંથી શાબાસરે;
ધીક્કાર છે ધુપેલને, આંબળાની શી વાસરે. વાંકી.
વાંકી વાંકી ગમે કાંસકીરે, અ મોડામાં હરરોજરે;
કેવો સપાટનો રોફ છે, વાંકુ વઢવાની ખોજરે. વાંકી.
વાકા વળી પાણી સીંચવુંરે, ઘણે થયુ છે દૂરરે.
ઘંટી વાકી વળી ખેંચવી, મજુરી ગઈ મજુરરે. વાંકી.
વાંકુ વળીને પીરસવુંરે, એતો સૌનો રીવાજરે;
પગે હાથે નાકે વાક છે, કરો વાંકને તાજરે વાંકી.
મોટા ચુડા નથી શોભતારે, નાની ચુડીની ચીપરે;
કાચ સોનાની બગડી, દેખાય મારી સમીપરે વાંકી.
અરધે માંથે ઓઢવુંરે, એવા હજારો વાંકરે;
પ્રેમદાની બુદ્ધિ પાનીએ, અને ગણાતી રાંકરે વાંકી.

(રાગ—ઉપરનો)

જુના રીવાજ જઢમૂળથીરે, નાંખ્યા ખોદીને દૂરરે. જુના.
નારીને જોઇએ પોલકુ રે, જોઇએ ઝીણાં વસ્ત્રરે,
દીલ બધું દેખાય છે, જેમાં જાગાં સહસ્ત્રરે જુના.

પોલકાથી પોતે પાતળીરે, મટી જાડી દેખાયરે;
દરજી મરજી સાચવી, પૈસા ફોલીને ખાયરે. જુના.
જોઇએ ધોળા ધોળા ઘાઘરારે, હેઠળ ઝાઝી છે પલેટરે;
ધોબણનો વેસ ધરી લીધો, ડ્રેસ થયો ઓલરેટરે. જુના.
નાકે કાંટા નથી શોભતારે, ચુની ચતુર સુજાણરે;
ગયાં કહ્નાં ને કાંચળી, કળીજુગનું પ્રમાણરે. જુના.
ધરતી ઉપર મુકતી નથીરે, એતો ચીપીને પગરે;
અધર અભીમાનથી રહી, કળીકાળ મહીં ઠગરે. જુના.
હીર કસબની કોરનુરે, નથી ઉપજતું મૂલરે,
સાબાસ સુતરેલ કોરને, હીર સાટે છે વુલરે. જુના.
દરરોજ દવાની બાટલીરે, અને ચાનો જે કપરે;
ક્ષઇરોગ ખતથી લાગીઓ, એતો બેઠો છે ચપરે. જુના.
ઊંડા કુવા ને લાંબાં દોરડારે, કર્યા ચકલીએ ચુપરે;
બેઠે પાણી ઘેર આવતું, એવો ઇંગ્રેજ ભુપરે. જુના.
રાંડીરાંડોના રેંટીયારે, ખુણે ઊધઇઓ ખાયરે;
ઘંટીના પથ્થર ફુટી ગયા, સચે લોટ દળાયરે. જુના.
નારી ઉપર તમે નરહરીરે, કેવી કીધી છે મહેરરે;
તોએ કહે છે ઘણાં કામ તો, પડયાં છે મારે ઘેરરે. જુના.

વાંઢાનો વિલાપ.

(આંખ વીના અંધારૂં રે—એ રાગ.)

નાર વીના ઘેર તાળું રે, સદાય મારે નાર વીના ઘેર તાળું;
ઊડકું લોટા હાથે, લાવું હું પાણી માથે;
મન બળે સ્ત્રીઓને ભાળુ રે સદાય.
વારે હાથે રાંધું, ભાખરી સાંજે બાંધુ;
મન બળેને કરૂં વાળુ રે. સદાય.
બે પળે પ્રેમદાને, ઘડી ઘડી પ્રેમદાને;
સંભાળી ખાટલો ઢાળુ રે. સદાય.
ઘરમાં પલંગ ખાટો, ટેબલ ખુરશીને પાટો;
પાંનાં વીનાનુ જેમ ડાળું રે. સદાય.
સ્વપ્નામાં પરણ્યો નારી, હોસો પુરી થઈ મારી;
વીજળીનું એતો અજવાળુ રે. સદાય.
એકલા ઘરમાં રહેવું, સૌ દુ:ખ મનમાં સહેવું;
ઘટી વીનાનું જેમ થાળુ રે. સદાય.
હે ઇશ આપો નારી, આશા પુરોને મારી;
નહીં તો હીમાળે હાડ ગાળુરે. સદાય.
દેઠ ભંગીને નારી, ગુનેગારી શી મારી;
મનડાને મનમાં ઘણું બાળુ રે. સદાય.
સોટી પણુ કોને મારૂં, ઘરાંણે કોને શણગારૂં;
સોનીનું ઘર મેં નથી ભાળ્યુ રે. સદાય.
દાળ ચોખામાં ચેળો, વાંઢાનો મોટો મેળો;
ચારણીએ લોટને ચાળુરે. સદાય.

સૂન્યકાર સૃષ્ટિમાં, દેહ ડુબ્યો કસ્ટીમાં,
ઘરમા નથી રગીત સાજુરે. સદાય.
સાજુની પહેરનારી, આભુશણુની માગનારી,
મારા ઘરને તે કેમ ટાળ્યુ રે સદાય.
સાજુને અત્તર ચોળુ, ગુલાબજળ દીલે રેળુ,
નારી વીના તો મુખ કાળુરે સદાય.
વીચારની લાગી વ્યાધી, કામદેવે કેડ બાંધી,
શુ કરૂ ! નાણાને ઉછાળુરે સદાય.

—— ×ૐ× ——

નાર વીનાનો નર.

(ઢાળ વીનાનો લાડુ—એ રાગ;)

ખીલો શોભે સાર વીના, જેમ ગધેડુ ભાર વીના,
વહેપારી વહેપાર વીના, તેવો નરતો નાર વીના
ઉદારપણુ ઉદાર વીના, જારી નર જેમ જાર વીના,
માટી જેવી ગાર વીના તેવો.
બ્રહ્મચારી બ્રહ્મચાર વીના, અધીકારી અધીકાર વીના.
સસાર સૂન્ય પરીવાર વીના તેવો.
જેમ ગુરૂજી હાર વીના, કરવુ કામ વીચાર વીના.
જેવી યારી યાર વીના તેવો.
પાઠ કરે પણ સાર વીના, બોલે પણ જે પાર વીના,
મોટું ઘર જે બાર વીના તેવો.
ભેસો ગાયો ચાર વીના, ઝાઝુ ખાવું અડાર વીના,

લઢવું પણ તરવાર વીના. તેવો.
બાહુ લઢવું વહાર વીના, બહ્રાં કુત્તાં ખાર વીના;
જેમ પરૂણી આર વીના. તેવો.
ભીખારી દાતાર વીના, તુરગો ગુનેગાર વીના;
આભુષણુ દેદાર વીના. તેવો.
સારૂ સુખ સંસાર વીના, જમવુ પણ કંસાર વીના;
ઉપર ઘીની ધાર વીના. તેવો.
ભામની ભરથાર વીના, નદી ઘાટ પડથાર વીના,
ઊતરવું પેલે પાર વીના. તેવો.
ઘોડો પણ ઘોડાર વીના, રોવુ પણ પોકાર વીના;
રળવું ધર્મ ધોકાર વીના તેવો.
ભજન કરે કરતાલ વીના, લઢવુ ગોળી બહાર વીના;
સોનુ પણ સોનાર વીના તેવો.
કપડુ પણ સીવનાર વીના, જેમ આયુષ્ય જીવનાર વીના;
ટાઢ પડે પણ ઠાર વીના. તેવો.
માટી પણ કુંભાર વીના, ગરીબ અંન જુવાર વીના;
બળદ ભક્ષ ગવાર વીના. તેવો.
સુરજદેવ સવાર વીના, અહંકારી અહંકાર વીના;
ધનુષ્ય પણ ટંકાર વીના. તેવો.

(સેહેજાનંદ હરી—એ રાગ.)

જીવડો જાએ બળી, નારી વીણુ જીવડો જાએ બળી;
તોએ નારી ન મુજને મળી. નારી વીણુ.

પશુપક્ષીની નરનારીની જોડી, દેખી જઉં કળકળી;
સૂનું ઘર મારૂં દીસે હંમેશાં, જેમ નેવા વીના વળી. નારી.
ઘડપણમાં નારી જુવાન પરણ્યો, તોએ નારી બળી;
જોસ જુવાનીમાં ઝુરી ગયુ, પછી શા કામની એ નળી. નારી.
નારી પરણુવાની વાતો કરે કોઇ, જઊં તેની સાથે હળી;
ખુશી થઉં છું સાંભળીને, જેમ ફુલે ફુલની કળી નારી.
રહ્યો હું વાઢો ન મળી રાડો, મળે તો લાગે ગળી;
એરે ગળીને હું શુ કરૂ, જોઇએ રૂપીયા કોથળી. નારી.
આખો દિવસ રળીને મરી જઉ, કમાઊ એક સળી;
દહાડો પરણવાનો આવ્યો નહીં, મારી દેહી જાએ બળી નારી.
ઊંઘ નીરાંતેથી આવે નહીંને, કામદેવ આવ્યો કળી,
ખળીએ ખળીએ ભટકીને થાક્યો, માંથે આવ્યાં પળી નારી.
ભાખરી કાચી પાકી બનાવુ, હાથે લોટ દળી,
ભજીયાં ઉનાં મને કોણ ખવરાવે, કોણ આપે પૂરી તળી. નારી.
હોટલમાં ચહાને બીડીઓ પીને, છાતી તો ગઇ બળી;
અડધું દીલ મહારૂં રહેછે હંમેશાં, ના મળી પુતળી. નારી.

મરસીયા છંદ.

હાય હાય હું નારી વીના નર અભાગીઓ,
નારી વીના નર અભાગીઓ;
કર્મ ફુટયુંને થયો અભાગીઓ. હાય
ભાઇબધો મહેણાં ખુબ દે છે, વાંઢો વાંઢો મને સઉ કહે છે;
મન બળી બળીને તો રહે છેરે. હાય.

જાણે પરણ્યો સ્વપ્નામાં હું નારી, આવો સ્વામી કહી બોલાવે પ્યારી;
જાગી જોઉં તો રાત અંધારીરે. હાય.
જઉં બારણે હું વાસીને તાળુ, ભુખે રહીને મહારી દેહ ગાળુ;
બળે મન બીજી નારીયોને ભાળુ રે. હાય.
સમશાન સમાન ઘર દીસે, બળી મરૂં છું હું હરનીસે;
ભુખે સુઇ રહુ રીસે ને રીસેરે; હાય.
મારી રીસને મનાવનારી ભામા, કેમ ઉઘી ગયાં તમે રામા;
મને બેસાડો તમારી સામારે. હાય.
લેખ લખ્યો વીધાતા તેં કેવો, ચાખ્યો નહીં સંસારનો મેવો;
ખાધી રોટીને ખાધી નહી સેવોરે હાય.
મારે હાથે ભરવુ પડે પાણી, પણ દેતું નથી કોઇ મને શાણી;
શાંણી વીના જીવતર ધુળધાણીરે. હાય
સાજે હાથે કરવી પડે દસ્મી, મારી દશા થઇ છે આવી વસમી;
બળી દસાને બળી ખાવી દસમીરે. હાય.

કજોડા વીશે.

(મોટી નારીના ધણીનો વીલાપ)

(બનજારો છંદ.)

તુંતો સાંભળ મીત્રજ મહારા, મારા છુટી પડયા જનમારા;
નાનપણમા પરણાવ્યો તાતે, ના જાણુ પરણ્યાની વાતેરે;
માંથે મેલ્યા બહુ મણના ભારા. મારા છુટી.
મને વર્ષ થયાં છે બાર, નારીની ઉમ્મર અઢારરે;
બળ્યા બળ્યા હીંદુના ધારા. મારા છુટી.

મારી નારીનો ભભકો ભાળી, થાય લોકોની દાનત કાળીરે;
નાંખે કાંકરા રસ્તે જનારા. મારા છુટી.
નારી ચમક ચમક હેડે, લોકો કહે બેસ એની કેડેરે;
સૌના બોલ લાગે મને ખારા. મારા છુટી.
મારી નારી પણ શરમાતી, નથી પેટ ભરી અંન ખાતીરે;
રીસ આણી કરૂં હું હુકારા. મારા છુટી.
ભાઇબધો ખુબ હસે છે, મને નાનો નાનો સઊ કહેછેરે;
મોત ખોળો જગત કરનારા. મારા છુટી.
સારાં સારાં ઔષધ હું ખાઊં, જાણે એનાથી ઊંચો દેખાઊરે;
પણ નથી આવતા વારા. મારા છુટી.
મારા ભણતરમા ભુલ નાખી, મધપુડે બાઝી જેમ માંખીરે;
આવા લેખ વીધાત્રા તારા. મારા છુટી.
થઇ જોબનવંતી નારી, બાળ દશા દીસે છે મારીરે;
આના કરતાં સારા કુવારા. મારા છુટી.
આવી નારી લાવ્યાં મા બાપો, મધ્ય દરીએ ડુબાવ્યો ત્રાપોરે;
પગ કાપ્યા મા બાપે મારા. મારા છુટી.
ભાઇ ભુગોળ વિદ્યા વાંચે, બાઇ ચૂલામાં અગ્નિ શ ચેરે;
કર્મ કુટયુ ભાઇ ભણનારા. મારા છુટી.

નાના ધણીની નારનો વિલાપ.

(ચાબખો)

જીવતર ગયું મારૂ બગડીરે, હૈએ આવી આતો સધડી,
સ્વામી મારાને ધીમે બોલાવું, લેવાને મારી પાસ;
એકવેંત નીચો મારાથી એતો, શું કર્યું તેં અવિનાશરે, જીવતર.
બાળપણુમાં નાનો સ્વામી, પરણાવ્યો મુજ સાથ;
સ્વામી નાનો ને બૈરી મોટી, મીલાવી દીધો હાથરે. જીવતર.
સઘળી સાહેલી સ્વામીની સાથે, ઉડાવે લીલા લહેર;
મારો ધણીતો સંસારી રીતની, જાણે નહિ કઇ પેરરે. જીવતર.
બીજા માણસો કરે ઇશારા, કાકરા નાખવા જાય;
સંસારી સુખ મે દીઠુ નથી મારા પેટમાં લાગે લહાયરે. જીવતર.
ધણી મારાને ઘણો સમજાવું, પણ એ નાનું બાળ;
સાચવી રહીને શીખામણ દઊંતો ઉલટી દે છે ગાળરે. જીવતર.
નાના ધણીને જોઇને સૌ લોક હસતા રહે દીનરાત;
સાહેલી મારી કરેછે ઠેકડી, જાણે કરૂં આપ ઘાતરે. જીવતર.
શરમાઇને હુતો ભોંયમાં પેસું, ભુમી દેતી નથી માગ;
કામ જોબનમાં વ્યાપી રહયોછે, લાગેછે દીલમાં આગરે. જીવતર.
ખોટી રીતે હું ચાલવા જઉતો, લોકમાં જાયછે લાજ;
સાસુના હાથનો રોટલો ખાવો, શો કરવો ઇલાજરે. જીવતર.
ગળથુથીમાં વીખ ના દીધું, એવાં વેરી માબાપ;
ઘર જોયું પણ વર ના જોયો, વાગી જગતમાં છાપરે. જીવતર.

ઊંચી એડીના જોડા પહેરીને, જાણે હું ઊંચો થાઊં;
મારી આગળતો રોફ બતાવે, મનમાં બળી બળી જાઊં. જીવતર.

જગતમાં વેષધારી બાવા.

(મરસીઆ છંદ)

ભાઇ જોજો ઢોંગી જગતના બાવા, ઢોંગી જગતના બાવા;
લેવા માડયા સંસારના લહાવારે, ભાઇ.
માત પીતા જેણે દીધાં છોડી, ઇશ્વરભક્તિમાં મન દીધુ જોડી;
પણ તેમાં કસર રહી થોડીરે, ભાઇ.
થયા ભગવાં વસ્ત્ર પહેરી બાવા, લીધો તંબુરો ભજન ગાવા,
લાગ્યા રૂપૈઆ તનથી કમાવારે, ભાઇ.
ભગવાં વસ્ત્ર બ્રહ્મચારી, કાઢી લાવ્યા ગૃહસ્થ કેરી નારી,
તેવા નરો રહ્યા ફાફા મારીરે, ભાઇ.
સીધ વેદ વેદાતને ગીતા, ગૌ ગંગા ગાયત્રી સવીતા,
કેમ ડુબોછો પુત્રોના પીતારે, ભાઇ.
ચાર નારી બાવાને નવરાવે, ત્રણ નારી બાવાને ખવરાવે;
પાન સોપારી રસ પીવરાવેરે ભાઇ.
પગ ચંપી બાવાની કરે પ્રીતે, નામ ભગવાનનું મુકયું ભીતે;
ખોટા કામો કરે બીતે બીતેરે, ભાઇ.
જુઓ જુઓ કળીના બાવા, લોકો આપેછે સારૂંસારૂં ખાવા;
શીદ પૂજોછો ઢોંગી આવારે. ભાઇ.

કૂવે શીદ પડો મારા દેવા, ખરા દીલથી કરાવોને સેવા;
તોતો મળશે પ્રભુ પદ મેવારે. ભાઇ.
પોતે દુખી બીજાને ડૂબાડો, આવી ખુબી બીજાને લગાડો;
શીદ સતી સ્ત્રીઓને બગાડોરે ભાઇ.
નારી નરની ન રાખે માઝા, કરતી સ્વામીને દુકારા ઝાઝા;
બવરાવી રાખે બાવા તાજારે. ભાઇ.
વીસ ચાલી વર્ષોની ઘણી નારી, કોઇ સારીને કોઇ નઠારી;
હરનીશ સેવે જાય બ્રહ્મચારીરે. ભાઇ.

આર્યબંધુઓને શિખામણ

(હુંગી ભજન થકીછોટા હોયતે સોથી મોટા થાયછે—એ રાગ)

દેશી મીત્રો સમજી રહોતો, સુખડા હરનીશ થાશે,
નહીં સમજોતો ઢોંગી બાવા, સ્ત્રીઓ હરી લઇ જાસે. દેશી.
સ્વામીની સેવા નિત્ય કરવી, શીખામણ તેની ઉર ધરવી,
એમ ના ચાલે નારી ગરવી. દેશી.
સ્વામી જે ઘરના છે દેવા, માબાપે આપ્યા જે મેવા,
તેને તારે શુ મુકી દેવા. દેશી.
સ્વામીની સાથે લડી બાઝી, બાવાને દેખી થતી રાજી,
હું પાએ નમું મારા બાવાજી. દેશી.
બસ હુંતો ભજનમાં જાવાની, સેવા કરવાને બાવાની,
નહી રાધુ અને નથી ખાવાની. દેશી.

મ્હારેતો થઇછે કથા વેળા, ખાવાં હોયતો ખાજો કેળાં,
નહિતો સાજે ખાઇશું ભેળાં. દેશી.
આવી લત લાગી બાવાની, તારી પુછે ખબર નહિ ખાવાની,
નાર એ નીચે જાવાની. દેશી.
બાવાની શઈ એતો બાવી, ઘરમાંથી ધન ચોરી લાવી,
દેશી બ[illegible] દશા આવી. દેશી.
બાવાને [illegible]વા માલપુવા, દેશી દીલ અંદર પડયા કુવા,
ભુખે તરશે રીબાઇ મુવા. દેશી.
મા બાપે આપ્યો જે સ્વામી, તેને લાગે તુ નકામી,
ઊલટી થાએ તેના સામી, દેશી.
બાવાની દેખીને દાઢી, લલચાઈ ગઇ મોટી લાડી,
બાવો કહેછે માડી માડી. દેશી.

દોહરો;

બાવાની બાવી થઇ, મુકી નીજ ભરથાર;
નાણું પણ લેતી ગઇ, છોડયાં ઘરને બાર.

રાંડેલી ઢોંગી ભકતાણી.

(રંડાપા ભેગા મંડાપો ને વાડા ભેગાં નાડાં.)

(રાગ—રામા રામા બોલો મારા ભાઇરે.)

જુઓ જુઓ ભકતાણી જપે માળારે, જપે માળારે
એના ચાળારે. જુવો.
હાથે માળા, આંખે ઇસારા કરે, ચીતે ઇસકના
ઊછાળારે, જુઓ.

જગમાં રંડઇને, મનથી મંડઇને, અત્તરે હોપ્યા
નિમાળારે, જુઓ.
બેડી સપાટ પગે, પાટલી ભોય લગે, પોલકાં શોભે
રૂપાળાંરે, જુઓ.
આંખેતો સુરમો આંજે, સાબુથી મુખ માજે, જુઓ જુઓ
ભક્તીવ.ળારે જુઓ.
ગંગાએ નાહીં ધોઇ, ખસો અડશો ન કોઇ, રસ્તે રખડતા
ચાર ભાજ્યારે. જુઓ.
સાને શમજાવી, એવી એ ડાહી, ગંગાએ નાહીધોઇ બાળારે.
જુઓ.
રાધીશુ રાતે, ખાઇશું ખાતે, અત્યારે ઘેર જાઓ ચાલ્યારે,
જુઓ.
ઘેર આવીને બેઠી, તરત સેવામા પેઠી, દેવ નવરાવી લીધી
માળારે, જુઓ.
આવે પાડોશી બાળ, મોઢેથી દેતી ગાળ, કેમ અડયું મને
સાળારે, જુઓ.
કરેલી માળા જાશે, ફરીથી નાવું થાશે, મરજો જણનારી
તમ બાળારે, જુઓ.
ફરીથી નાહીને, માળાને લઇને, મનમાં ગમેલા રૂપાળારે,
જુઓ.
આંખેને કાને ટીલાં, ગોપીચંદનના ખીલ્યાં, ભેંસ ભડકે તેવાં
ભાજ્યારે, જુઓ,

થાળ ઓરીને ચાલી, હાથે કોથળી ઝાલી, દરશને ચાલ્યાં
રૂપાળાંરે, જુઓ.
આવાં દરશનમાં ભળે, પ્રભુ કયાંથી તો મળે, મનડાંછે જેનાં
કાળાંરે, જુઓ.
જમી પરવારી, નવરી થઇ નારી, જઇને જોગીને નિહાળ્યારે,
જુઓ.
થાળ જમાડી કરી, વાયુ ઊરાઢે ફરી, પગ ચાંપતાં કરે
ચાળારે, જુઓ.
બાવાએ ચાળા ભાળી, દાંનત કીધી કાળી, મત ગભરાઇઓ
બાળારે, જુઓ.
બાવાને લીધા નહાવા, પહેલુ આપીને ખાવા, કર્મ કરેછે
જુઓ કાળાંરે, જુઓ.
સાંજ પડીછે ખરી, પાછી ત્યાંથીતો ફરી, વહાણુના વાયદા
સંભાળ્યારે, જુઓ.
પરમેશ્વર ભજવા મુકી, મનુષ્યા જનમે તું ચુકી, ધીકછે વાયદા
વાળારે, જુઓ.
પુર્વના પાપે રંડા, આ જનમે આવાં મંડયા, લક્ષ ચોરાશી
જન્મ ગાળ્યારે, જુઓ.
ક્યારી મળને મુતરની, મનુસ્ય જનમના દરની, ચુકવે દીન
દયાળારે, જુઓ,

—:o:—

કળીકાળનું વર્ણન.

રાગ ધીરાના ૯ નો.

કળીજુગ આવ્યોરે, ભોળા નરો ભ યા,
બહુ બહુ પસ્તાઇરે, શાણા નરો શરમાયા;
બાર વરસની બાળકીને, થયું ગર્ભનુ જ્ઞાન,
પોતે બાળકી મટી નથીને, એને થયું સંતાન,
ભાન ગયા ભુલીરે, એવા નરો ઘણા ડાહ્યા. કળીજુગ.
ધર્મ ભ્રષ્ટ થયા ધન કાજે, લાજે લુગડાં રાખી,
એકે આરો જડયો નહીં, એટલે થયા ખાખી,
બાકી હવે ના રહ્યું રે, પાછળથી પસ્તાયા, કળીજુગ.
વાંઢા મરી ગયા વીલાપ કરતાં, પણ નવ મળી નાર,
રંઠાએ તો બાળકો પાડયાં કૃપા કેવી કીરતાર,
સાર કળીજુગનોરે, જારી થઈ જાયા, કળીજુગ,
એક નર સેવે દ્વાર બીજાનું બીજા સેવે બેચાર,
પતિવ્રતાનો પાયો તોડયો, તોડયા ધર્મ આચાર,
જોગીના જોગ તોડયારે, લગડાવી માયા, કજુળીગ.
જેના ઉપર વીશ્વાસ રાખ્યો તેણે કર્યો વીશ્વાસઘાત,
નારી વ્યભીચારીણી થઇ, કરવા માંડયો ઉતપાત,
વાત હવે બગડીરે, સતીનાં સત્ય ચૂકાવ્યાં, કળીજુગ,
તેવી રીતે પુરૂષો બગડયા, ધન નારીને કાજ,
શેઠ થઈ દેવાળુ કાઢયું ઘાલી મુદ્દલને વ્યાજ,
લાજ મુકી નેવે રે, જગતમા પંકાયા. કજુળીગ,

વૃદ્ધ પણે પરણ્યાની આશા, જુઓ કળીના શાન,
દીકરીના બાપને મળે નાણું એટલે દે કન્યા દાન,
ભાન ગયા ભુલીરે, એવા નરો ઘણા ડાહ્યા. કળીજુગ.
ઘરનો સ્વામી ગમે નહીં ને, ભટકે સાંજ સવાર,
અને પાછી સતી થાતી, હું છું સુલક્ષણી નાર,
ખુબી કળીજુગનીરે, જેણે રોપ્યા ઉંડા પાયા કળીજુગ.
જે માબાપે તને પરણાવ્યો, તેને કર્યા તેં તાજ,
એ કૃત્ય સર્વે નારીનુ, મુકાવી દીધી જેણે લાજ,
બેન આંસુ પાડે રે, ધોતી પહેરે સાગુ જાયા. કળીજુગ.
બાવો થઇને રાખે બાયડા, અને કહેતો મૈયા મૈયા,
તેની સાથે વહેવાર માંડયો, થયાં છોકરાંને છૈયાં,
અડીંયા કર્યુ કાળુ રે, વ્યભીચારી ગણાયાં. કળીજુગ.
એકલી મુકે અનરથ થશે, કળી કરાવશે જડકેર,
સોળ વરસની સુંદરી, ધણી રમે નાગો ઘેર,
લહેર એતો કેવીરે, શ્રીમંતો તેને આવ્યા કળીજુગ.
બ્રાહ્મણની સ્ત્રી જાવા ઇચ્છે, મુસલમાનને ઘેર જરૂર,
બ્રાહ્મણ થઇને કરે મદીરા, કળીજુગનું આ નુર,
કુળ વટાળ્યું હાથેરે, વર્ષો બધાં ગુમાવ્યાં. કળીજુગ.
સાઠે વર્ષે મીઢળ બાંધ્યું, સ્ત્રીની ઉમર છે બાર,
મુવા પછી શી વલે થાશે, તેનો ન કર્યો વીચાર,
કેમ રહેશે બાળારે, જોબનો જેને આવ્યાં કળીજુગ.

સમાપ્ત

ॐ

જન્મ ધરીને સંસારમાં શું શોધ્યું ?

લેખકઃ—દલપતરામ ગૌરીશંકર નવલખા—જામનગર.

રાગ—માલ કોષ.

શું સાર શોધ્યો અવતરી, જો ચાર સાધન નાં સર્યાં,
ધન ધામને દોલત ખજાના, ભૂમિમાં રહેશે ભર્યાં; શું સાર.
ધોળાં થયાં કાળાં ગયાં, પણ કૃત્ય કાળાં રહી ગયાં,
ધોળે પડી એ ધૂળ ધોળી, કીર્તિ કામ નહિ કર્યાં; શું સાર.
દાદા ઠર્યા ડહાપણ ભર્યા, વળી દંડ કરમાંહે ધર્યા,
એ કાર્ય વ્યર્થ કર્યા કમંડલ, દંડ કરમાં લેઈ ફર્યા; શું સાર.
હાડ ચામેથી મઢેલાં, મેલ મૂત્રેથી ભરેલાં,
હાંડલાં ન કર્યાં કર્યાં જો, ધર્મ ધોરણ પરહર્યાં; શું સાર.
પાવલાં પગમાં ધર્યાં, પરિધાન પિતાંબર ધર્યાં,
એ પાવલા ન ધર્યા ધર્યા જો, જ્ઞાન પાન પરાં રહ્યાં; શું સાર.
નિજ ગેહમાં દિપક કર્યા, ઘનઘોર અંધારાં ટળ્યાં,
ઘનઘોર એ ન ટળ્યાં ટળ્યાંજો, દેહ અંધારાં રહ્યાં; શું સાર.
બહુ ખર્ચ કરીને સંચર્યા, દેશાટને ભૂમિ ફર્યા,
ભૂમિ એ ન ફર્યા ફર્યાજો, બ્રહ્મભૂમિ નાં ફર્યા; શું સાર.
બાગ ઉદ્યાને ગયા, મિષ્ટાન ભોજનને ગળ્યાં,
એ ભોજનો ન ગળ્યાં ગળ્યાં જો, ગર્વ તંતુનાં ગળ્યાં; શું સાર.
દાઢ માઢેથી ફર્યા, મુખ આરસી જોઇ રહ્યા,
મુખ જોઇને ન રહ્યા રહ્યાજો, દયા દાન ગયાં ગયાં; શું સાર.
તામ્બુલો મુખમાં ધર્યાં, કાથે અને ચૂને કર્યાં,
એ પાન રહેશે સૌ પડયાં, હીરાકસીથી છે ભર્યાં; શું સાર.

મળવાનાં ઠેકાણાં.

જોષી. ગીરધરલાલ ઝવેરદાસ.

ઠે૦ ચાંલ્લાસ્ટ્રીટ;

ગાંધીરોડ—અમદાવાદ.

પંડ્યા. જીવણલાલ જેશંકર.

ઠે૦ માંડવીનીપોળ;

સુરદાસશેઠનીપોળના સામે—અમદાવાદ.

ઓઝા. ગીરજાશંકર ભોળાનાથ.

ઠે૦ પખાલીનીપોળ;

ધુનાનીપોળ—અમદાવાદ.

તરવાડી. લાલશંકર ઇશ્વર.

ખાડીઆ ગોટીની શેરી;

અમદાવાદ